| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK040065392021 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૦૬.૧૨.૨૦૨૧ | | |
| | | નોંધ્યા તારીખ | ૦૬.૧૨.૨૦૨૧ | | |
| | | ફેસલ તારીખ | ૨૯.૧૧.૨૦૨૪ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૨ | ૧૧ | ૨૩ |

# ડીસા તાલુકાના એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા

**સમરી દાવા નંબર : ૧૪/૨૦૨૧**

**આંક–૧૧**

<u>વાદી</u>

પંજાબ નેશનલ બેંક (ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ) ડીસા શાખાના
પાવર ઓફ એટર્નિ હોલ્ડર રાહુલ ગેંદાલાલ સેન,
ઉ.વ.આ.૨૮, ધંધો નોકરી તે બેંક મેનેજર,
ઠે. ડીસા,તાલુકો– ડીસા,જીલ્લો–બનાસકાંઠા.

**:: વિરુધ્ધ ::**

<u>પ્રતિવાદી</u>

(૧) પરબતભાઈ ચેહરાભાઈ રબારી,
ઉ.વ.આશરે ૪૧, ધંધો ખેતી.

(૧) પીરાભાઈ વિહાભાઈ રબારી,
ઉ.વ.આશરે ૭૦, ધંધો ખેતી.
બન્ને રહે. મોટા કાપરા, તાલુકો– લાખણી, જીલ્લો–બનાસકાંઠા.

.....................................................................................

વાદીના વિધ્વાન વકીલ શ્રી કે.વી.ગેલોત.
પ્રતિવાદીના વિધ્વાન વકીલ શ્રી – કોઈ નહી

.....................................................................................

**દાવો :–દીવાની કાર્યરીતી સંહીતાના હુકમ ૩૭ નિયમ ૧ અને ૨ મુજબ સમરી દાવો**

**રૂપીયા ૩,૪૩,૮૩૬/– ની રકમ વસુલ મેળવવા બાબત**

.....................................................................................

:: ચુ કા દો ::

**(૧)** આ કામે વાદીએ હાલનો દાવો સી.પી.સી. ઓર્ડર–૩૭ પ્રમાણે દાખલ કરેલ છે. વાદીની દાવા અરજીની ટુંકમા હકીકત એવી છે કે, વાદી બેંક (એ ગવરમેન્ટ ઓફ ઈન્ડીયા અન્ડરટેકીંગ) ની રચના બેંકીગ કંપનીઝ એકવીઝીશન એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ એકટ અન્વયે થયેલ છે અને ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સનુ પંજાબ નેશનલ બેંકમા વિલીનીકરણ થયેલ હોય ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ ની જગ્યાએ પંજાબ નેશનલ બેંક નામ થયેલ હોય હવે પછી વાદી બેંક તરીકે પંજાબ નેશનલ બેંકના નામથી ઓળખાય છે. વાદીની બેંક દાવા અરજીમા જણાવેલ સરનામે આવેલ છે. દાવામા સહી કરનાર વાદી બેંક ડીસા શાખાના મેનેજર છે અને દાવામા સહી કરવાનો અધિકાર હોય તે રૂએ સહી કરેલ છે.

પ્રતિવાદી નંબર ૧ નાએ વાદી બેંકના નીતી નીયમો મુજબ **પાક ધીરાણ લોન** મેળવવા માંગણી કરેલ અને તે સંદર્ભે બેંકમા અરજી કરતા અરજી સ્વીકારી તેઓને **પાક ધીરાણ લોન** આપવામા આવેલ, આ ધીરાણ બાબતે વાદી બેંકમા તેમના ખાતા નંબર ૧૮૩૩૫૧૧૫૦૦૧૧૭૮ થી રકમ રૂ.૨,૬૫.૦૦૦/– ની પાક ધીરાણ લોન આપવામા આવેલ અને તેનુ ખાતુ પણ નિભાવવામા આવેલ, સદર ધીરાણ બાબતે લોન લેનાર તથા જામીનદારો એ જરુરી દસ્તાવેજો જેવા કે હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, એગ્રીમેન્ટ ઓફ ગેરંટી, કોમન એગ્રીમેન્ટ, બેલેન્સ એન્ડ સીકયુરીટી કન્ફરમેશન વિગરે સહી કરી આપેલ, આ દસ્તાવેજોમા પ્રતિવાદી નંબર ૧ ધીરાણ લેનાર તથા તેમના જામીનદાર પ્રતિવાદી નંબર ૨ વાળાએ સહીઓ કરેલ અને વાદીએ ધીરાણ જે શરતોએ મંજુર કરેલ હતુ તે શરતો પણ પ્રતિવાદીએ કબુલ રાખેલ હતી. પ્રતિવાદી નંબર ૨ નાએ લોન લેનાર પ્રતિવાદી નંબર ૧ ના ગેરેન્ટર તરીકે જરુરી દસ્તાવેજો વાદી બેંકની તરફેણમા કરી આપી અને તેમા પોતાની સહીઓ કરેલ.ધીરાણ લેનાર પ્રતિવાદી નંબર ૧ વાળાએ લીધેલ ધીરાણની રકમ વ્યાજ સહીત તેમજ દંડનીય વ્યાજ સહીત ભરપાઈ કરવા માટે પ્રતિવાદી નંબર ૨ વાળા

પ્રતિવાદી નંબર ૧ ની જેમજ સરખા જવાબદાર છે. પ્રતિવાદી નંબર ૧ નાએ મોજે મોટા કાપરા, તાલુકા– લાખણી, ના સર્વે નંબર ૩૮ પી ૨ હે.આરે. ચોમી. ૦–૮૦–૯૪ તારણમા મુકી તેના ઉપર બોજો ઉત્પન્ન કરી વાદી બેંક પાસેથી ધીરાણ મેળવેલ છે.

પ્રતિવાદી પાસેથી તારીખ:૧૭.૧૧.૨૦૨૧ સુધી વાદી બેંકને ખર્ચ સહીત ધીરાણ તથા તેના ઉપર વ્યાજ મળી કુલ રૂ.૩,૪૩,૮૩૬/– ની રકમ લેણી નીકળે છે.આ કામના પ્રતિવાદી પાસે બાકી લેણાની રકમ વસુલ મેળવવા વારંવાર મૌખીક તથા લેખીત પ્રયત્નો કરેલા હોવા છતા પ્રતિવાદીએ વાદી બેંકને લેણી રકમ વસુલ આપેલ ન હોય જેથી હાલનો દાવો કરેલ છે.

(૨) આ કામે પ્રતિવાદીને સમરી સ્યુટ માટેનો સમન્સ દીવાની કાર્યરીતી સંહીતાના હુકમ ૩૭ નિયમ ૨ મુજબ નો બજી જવા છતા પ્રતિવાદીઓ હાજર થયેલ નથી કે કોઈ નોટીસની બજવણી માટેનુ સરનામુ ન્યાયાલયમા રજુ કરેલ નથી. ત્યારબાદ વાદીએ સમન્સ ફોર જજમેન્ટની અરજી આંક–૫ મુજબ આપતાં પ્રતિવાદીઓને આંક–૬ અને ૭ થી સમન્સ બજી જવા છતા તેઓ હાજર રહેલા નથી કે ચુકાદા માટેના સમન્સની બજવણી થયાના દીન–૧૦ મા દીવાની કાર્યરીતી સંહીતાના હુકમ ૩૭ નિયમ ૫ મુજબ સોગંદનામુ, અથવા તો બચાવ કરવા પોતાને હકકદાર બનવા પુરતા ગણાય તેવી કોઈ હકીકતો જાહેર કરેલ નથી કે દાવામા બચાવ કરવાની અરજી રજુ કરી નથી.

જેથી વાદી વકીલશ્રીએ પોતાની દલીલમા જણાવેલ છે કે આ કામના વાદી દવારા આ કામના પ્રતિવાદી પાસે લેણી રકમ બાકી હોવાની હકીકત પુરવાર કરી હોય અને દસ્તાવેજી પુરાવા આધારે આ હકીકત રેકર્ડ પર આવતી હોય વાદીનો દાવો મંજુર કરવા રજુઆત કરી છે. વધુમા વાદી વકીલ તરફે એવી પણ દલીલ રહી છે કે આ કામે પ્રતિવાદીઓ દવારા બચાવ કરવાની અરજી રજુ કરી ન હોય વાદીની તરફેણમા દાવામા હુકમ અને હુકમનામુ કરી આપવા દલીલ કરી છે. આમ, સમગ્ર રેકર્ડ ઉપરનો પુરાવો

ધ્યાને લેતાં આ કામે વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા નિશાની ૪/૧ થી ૪/૧૧ ધ્યાને લેતા પ્રતિવાદી નંબર ૧ નાએ વાદી બેંકના નીતી નીયમો મુજબ **પાક ધીરાણ લોન** મેળવવા માંગણી કરેલ અને તે સંદર્ભે બેંકમા અરજી કરતા અરજી સ્વીકારી તેઓને **પાક ધીરાણ લોન** આપવામા આવેલ, આ ધીરાણ બાબતે વાદી બેંકમા તેમના ખાતા નંબર ૧૮૩૩૫૧૧૫૦૦૧૧૭૮ થી રકમ રૂ.૨,૬૫.૦૦૦/- ની પાક ધીરાણ લોન આપવામા આવેલ અને તેનુ ખાતુ પણ નિભાવવામા આવેલ, સદર ધીરાણ બાબતે લોન લેનાર તથા જામીનદારો એ જરુરી દસ્તાવેજો જેવા કે હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, એગ્રીમેન્ટ ઓફ ગેરંટી, કોમન એગ્રીમેન્ટ, બેલેન્સ એન્ડ સીકયુરીટી કન્ફરમેશન વિગરે સહી કરી આપેલ, આ દસ્તાવેજોમા પ્રતિવાદી નંબર ૧ ધીરાણ લેનાર તથા તેમના જામીનદાર પ્રતિવાદી નંબર ૨ વાળાએ સહીઓ કરેલ અને વાદીએ ધીરાણ જે શરતોએ મંજુર કરેલ હતુ તે શરતો પણ પ્રતિવાદીએ કબુલ રાખેલ છે વિગેરી હકીકત ધ્યાને લેતાં હાલનાં વાદીને ૬ % લેખે વ્યાજ અપાવવું વાજબી અને ઉચિત જણાઈ આવે છે એટલું જ નહીં પ્રતિવાદીએ દીવાની કાર્યરીતી સંહીતાના હુકમ ૩૭ નિયમ ૫ મુજબ બચાવ કરવાની અરજી રજુ કરી નથી. **દીવાની કાર્યરીતી સંહીતાના હુકમ ૩૭ નિયમ ૬ : ચુકાદા માટેના આવા સમન્સની સુનાવણી વખતે:-** (ક) બચાવ કરવાની રજા માટે પ્રતિવાદીએ અરજી કરી ન હોય અથવા એવી અરજી કરવામા આવી હોય અને તે નામંજુર થઈ હોય તો વાદી તરત જ ચુકાદો મેળવવા હકકદાર થશે તેમ જોગવાઈ કરવામા આવી હોય હાલના કેસમા પ્રતિવાદીઓ દવારા દીવાની કાર્યરીતી સંહીતાના હુકમ ૩૭ નિયમ ૬ (ક) મુજબ બચાવ કરનારની રજા માટેની કોઈ જ અરજી રજુ કરી ન હોય, દીવાની કાર્યરીતી સંહીતાના હુકમ ૩૭ નિયમ ૬ (ક) મુજબની જોગવાઈ ધ્યાને લેતાં વાદી હાલનાં દાવા મુજબની દાદ મેળવવા હકકદાર બનેલા છે. જેથી ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુકમ ::–

– વાદી બેંકનો દાવો આથી અંશત:મંજુર કરવામા આવે છે.

– આ કામના પ્રતિવાદીઓએ આ કામના વાદીને દાવાવાળી લેણી રકમ રૂ.૩,૪૩,૮૩૬/–/–(અંકે રૂપીયા ત્રણ લાખ તેતાળીસ હજાર આઠસો છત્રીસ પુરા) દાવાની તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬ % ચઢતા વ્યાજ સહીત ચુકવી આપવા હુકમ કરવામા આવે છે.

– દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તારીખ.૨૯ મી, માહે. નવેમ્બર, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં,વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :–ડીસા.

તારીખ :–૨૯.૧૧.૨૦૨૪

**(અલતાફઅલી હાતીમઅલી મકરાણી)**
એડીશ્નલ સીનીયર સીવીલ જજ,ડીસા.
કોડ નં જી.જે.૦૧૧૩૭